

P.09

હું જાણું છું કે ઈરાન સામે ઈઝરાયેલ ક્યારે જવાબી કાર્યવાહી કરશે : બિડેન

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.09

શ્રદ્ધા કપૂરે ફિલ્મની સફળતા પાછળ ટીમની મહેનત હોવાનું પણ ભારપૂર્વક જણાવાયું

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૭૯ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો વદ ૦૨ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 79 • Dt. 20-10-2024 Sunday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


જર્મનીમાં ‘રાઈજિંગ રાજસ્થાન’ ગ્લોબલ ઈન્વેસ્ટ-મેન્ટ સમિટ ૨૦૨૪ માટે ભજનલાલ શર્માનું અભિયાન

09



20 OCTOBER- 2024 SUNDAY



09

મોટા કૌભાંડમાં નેપાળના પૂર્વ ડેપ્યુટી પીએમની ધરપકડ કરવામાં આવી

**એજન્સીએ પણ ભ્રષ્ટાચાર આચર્યો** હારીજના ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા પંચાયતની છ ટીમ ડોર ટુ ડોર ફરીને તપાસ કરતા કૌભાંડ બહાર આવ્યું

# પાટણ જિલ્લામાંથી શૌચાલય કૌભાંડનો પર્દાફાશ

## ૧૧૭ શૌચાલયોમાં ગેરરીતિ કરાયાના આક્ષેપથી ખળભળાટ મચ્યો । સમગ્ર મામલે કર્મચારીઓએ તપાસ કરીને રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી હાથ ધરી

। પ્રતિનિધિ, હારીજ,તા.૧૯ ।

પાટણ જિલ્લામાંથી શૌચાલય કૌભાંડનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં બની રહેલા શૌચાલયોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનું પણ તપાસમાં ખુલ્યું છે. ૧૧૭ શૌચાલયોમાં ગેરરીતિ કરાયાના આક્ષેપથી ખળભળાટ મચ્યો છે. સમગ્ર મામલે કર્મચારીઓએ તપાસ કરીને રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી હાથ ધરી છે.

આ અંગેની પ્રાપ્ત થતી વિગતો અનુસાર પ ાટણના હારીજના દાંતરવાડા ગામમાં શૌચાલય કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ કૌભાંડની ખબર પડતા તાલુકા પંચાયતની છ ટીમ ડોર ટુ ડોર ફરીને તેની તપાસ કરી રહી છે. દાંતરવાડામાં ૧૧૭ શૌચાલયોમાં ગેરરીતિનો આક્ષેપ કરવામાં આવ્યો છે.પ્રમુખે કલેક્ટર સહિતના તંત્રને રજૂઆત કરી હતી. પંચાયતના પ્રમુખ ચંદાબેન ઠાકોર દ્વારા આ અંગે લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ સિવાય ત્રણ વર્ષ પૂર્વે બનાવેલા શૌચાલયોમાં પણ એજન્સીએ ભ્રષ્ટાચાર કરાયો હોવાનો દાવો કરાયો છે.કુટુંબો શૌચાલયોનો ઉપયોગ સ્ટોર રૂમ તરીકે કરતાં હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કર્મચારીઓએ તપાસ કરીને રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી હાથ ધરી છે. રિપોર્ટ તૈયાર થયા પ છી આ અંગે કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાશે. દાંતરવાડામાં ૨૦૨૦-૨૧માં ૧૧૭ શૌચાલયોમાં ગેરરીતિનો આક્ષેપ કરાયો છે.



### ...તો રાજ્યવ્યાપી કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ વધી

હાલ પાટણ જિલ્લામાંથી બહાર આવેલા શૌચાલય કૌભાંડથી અનેકના પગ નીચે રેલો આવવાની શક્યતાઓ વધી છે. તો બીજી તરફ સમગ્ર કૌભાંડમાં ગાંધીનગરથી જીણવટભરી તપાસ હાથ ધરવા આવે તેવી પણ માંગણીઓ ઉઠવા પામી છે. સુત્રોના જણાવ્યા મુજબ જો ગાંધીનગરથી વિવિધ જિલ્લાઓમાં આ મુદ્દે તપાસ હાથ ધરવામાં આવે તો રાજ્યવ્યાપી કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ વધી છે. ૧૧૭ શૌચાલયોમાં ગેરરીતિ કરાયાના આક્ષેપથી ખળભળાટ મચ્યો છે. કુટુંબો શૌચાલયોનો ઉપયોગ સ્ટોર રૂમ તરીકે કરતાં હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કર્મચારીઓએ તપાસ કરીને રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી હાથ ધરી છે.

**ખેડૂતોના હિતમાં ધારાસભ્ય અરવિંદ પટેલ મુખ્યમંત્રીને વળતર માટે રજૂઆત કરી**

# વલસાડમાં ભારે વરસાદથી ડાંગરના પાકમાં વ્યાપક નુકસાન, ખેડૂતોની કમર તુટી ગઈ

। પ્રતિનિધિ,વલસાડ,તા.૧૯ ।

રાજયના કેટલાક વિસ્તારોમાં પડી રહેલા તોફાની વરસાદને લઈ ખાસ કરીને ખેડૂતોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે વલસાડ જિલ્લામાં પણ ભારે પવન સાથે પડેલા વરસાદને કારણે ખેડૂતોને ડાંગરના પાકમાં નુકસાન થયું છે તેવે સમયે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પ ટેલે ખેડૂતોને થયેલા વ્યાપક નુકસાનનો સર્વે કરાવી વળતર અપાવવા મુખ્યમંત્રી સહિત સબંધિત વિભાગોમાં લેખિત



રજુઆત કરી છે.અરવિંદ ભાઈ પટેલે મુખ્યમંત્રી ભુપ ેન્દ્રભાઈ પટેલ સહિત કેબીનેટ મંત્રી કનુભાઈ દેસાઈ તેમજ કૃ ષિમંત્રી રાઘવજી ભાઈ પટેલને કરેલી રજુઆતમાં જણાવ્યુ છે કે વલસાડ જિલ્લાના ધરમપુર, કપ રાડા, પારડી, વાપી, ઉમરગામ અને વલસાડ તાલુકામાં અગાઉ અને હાલમાંજ ફરી ફૂંકાયેલા મીની વાવાઝોડા તેમજ પડેલા ભારે વરસાદને કારણે ખેડૂતોના ઉભા ડાંગરના પાકમાં ભારે નુકશાન થયું છે અને ભારે પવન અને વરસાદના કારણે ડાંગર પડી જવાથી મોટા પ્રમાણમાં નુકશાન થયેલ છે. વલસાડ જિલ્લાના તમામ ખેડૂતોનો આવકનો સ્ત્રોત માત્ર ખેતી છે અને ડાંગરની ખેતી કરી તેના ઉપર જીવન નિર્વાહ કરે છે આવા સંજોગોમાં ખેડૂતોને વળતર આપવા માંગ કરી છે આ બાબતે તાત્કાલીક ધોરણે સર્વે કરાવી વલસાડ જિલ્લાના ખેડૂત લાભાર્થીઓને વળતર મળે તે મુજબની કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

**અરબી સમુદ્રથી પસાર થતી સિસ્ટમની અસરના પગલે વરસાદ પડશે**

# બે દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી, અમદાવાદમાં વિજળીના કડાકા સાથે વરસાદ

## દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૯ ।

ગુજરાતમાં આગામી બે દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારેથી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. અરબી સમુદ્રથી પસાર થતી સિસ્ટમની અસરના પગલે વરસાદની આગાહી કરવામાં આવી છે. નર્મદા,તાપી,સુરત,નવસારી,ડાંગ,વલસાડ,દમણ,દાદરાનગર હવેલી,અમરેલી,ભાવનગરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં બપોરે એકાએક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો હતો અને વિજળીના કડાકા સાથે



વરસાદ તુટી પડયો હતો.વિજળીના કડાકા એટલા હતાં કે નાના બાળકો અને મહિલાઓ ડરી ગઈ હતીગુજરાતમાં ચોમાસાએ વિદાય લીધી છે તો બીજી બાજુ માવઠાનું જોર વધી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી હળવાથી સામાન્ય વરસાદ થવાની આગાહી આપવામાં આવી છે. અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.હાલ રાજ્યમાં કન્વેક્ટિવ એક્ટિવિટીના કારણે રાજ્યના અલગ અલગ જિલ્લામાં વરસાદની આગાહી આપવામાં આવી છે. આના કારણે ગુજરાતમાં પાંચ દિવસ સુધી કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં શુક્રવારે લઘુતમ તાપમાન ૨૫.૪ નોંધાયું જે સામાન્ય ૪.૫ ડિગ્રી વધુ છે. શહેરમાં વાદયછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે.મધ્ય ગુજરાતના ચાર જિલ્લાના છુટાછવાયા સ્થળો પર હળવા વરસાદની આગાહી કરી છે.

## અમદાવાદમાં ફરી બોગસ કોલ સેન્ટર ઝડપાયું, આરોપીની ધરપકડ કરાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૯ ।

અમદાવાદ પોલીસે આરોપી સલમાન ઉર્ફે રાજા જીવાણીની ઝોન – ૬ એલસીબી સ્કોર્ડની ધરપકડ કરી કસ્ટડીમાં લીધો છે. આરોપી સલમાન ઘરે બેઠા બોગસ કૉલ સેન્ટર ઓપરેટ કરતો હતો સાથે જ મુંબઈ અંધેરી ઈસ્ટ ખાતે તુષાર સહિત અજાણ્યા શખ્સો બેસાડીને કૉલ સેન્ટર ચલાવે છે. જેને ઓપરેટ થતા તેનું તમામ પ્રકારનું હેન્ડલિંગ સલમાન કરતો હોવાનું સામે આવ્યું છે.સલમાન નામનો આરોપી ઘરે કૉલ સેન્ટર ચલાવતો હોવાની બાતમી ઝોન -૬ એલસીબી સ્કોરડ બાતમી મળતા જ કાકરીયા ખોજા સોસાયટી મકાન ૧૮ નંબર રેડ કરી પકડ્યું હતું. આરોપી સલમાન ઘરે થી કૉલ સેન્ટર ચલાવવા બે લેપટોપ, ૩ મોબાઈલ, એક એક્સ્ટર્નલ હાર્ડ ડિસ્ક, એક યુએસબી કન્વર્ટર, એક લેપટોપ સાથે જ કૉલ સેન્ટરના રોકડ ૩૧.૫૦ લાખ કબજે કર્યા છે. પકડાયેલા આરોપી સલમાનની પ ૂછપરછ કરતા કોલ સેન્ટર મુંબઈ ખાતે તુષાર ચલાવતો હતો.

## માંગરોળમાંથી કોન્સ્ટેબલ લાંચ લેતા ઝબ્બે

**જૂનાગઢ ।** જુનાગઢના માંગરોળ-મરીન પોલીસ સ્ટેશનનો લાંચિયો પોલીસ કોન્સ્ટેબલ એન્ટી કરપ્શન બ્યુરોના છટકામાં ફસાયો હતો. આ બનાવની વિગત મુજબ આ કેસના ફરિયાદીના કાકાની ટ્રકો પ ોરબંદરથી બોક્સાઈડ ભરીને અમરેલી ખાલી કરવા જતી હતી. જે બોક્સાઈડ ટ્રકો રોયલ્ટી પાસ અને અંડરલોડ હોવાછતા માંગરોળ-મરીન પોલીસ સ્ટેશનનો પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રસિંહ કે.સીસોદીયા ટ્રકો રોકતો હતો. આથી ફરિયાદી સીસોદીયાને રૂબરૂ મળતા પ ોલીસ કોન્સ્ટેબલે ટ્રકો ચેક પોસ્ટથી પસાર થવા દેવા માટે એક ટ્રક દીઠ રૂ.૫૦૦ લેખે ચાર ટ્રકના ચાર મહિનાના રૂ.૮,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી.






**સમગ્ર રાજ્યમાં નેટવર્ક** આણંદ એસઓજી ટીમે પેટલાદમાં વી હેલ્પ નામની વિઝા કન્સલ્ટન્સી પર દરોડો પાડતા કૌભાંડ ઝડપાયું

# નકલી દસ્તાવેજોના આધારે વિદેશ મોકલવાનું કાવતરૂ

। ન્યુઝ બ્યુરો, આણંદ,તા.૧૯ ।

આણંદ ઉત્તર ગુજરાતમાં નકલી દસ્તાવેજોના આધારે વિઝા મોકલવાનું સેન્ટર બની ગયું લાગે છે. આણંદમાં નકલી દસ્તાવેજોના આધારે લોકોને વિદેશ મોકલવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આણંદ એસઓજીએ પેટલાદમાં વી હેલ્પ નામની વિઝા કન્સલ્ટન્સી પર દરોડો પાડ્યો હતો. એસઓજીએ દરોડા દરમિયાન વિવિધ યુનિવર્સિટીની નકલી માર્કશીટ અને પ્રમાણપત્રો જપ્ત કર્યા છે. વિઝા કન્સલ્ટન્સી



મેનેજર કિરણ પટેલની પણ ધરપ કડ કરવામાં આવી છે. બનાવટી માર્કશીટ અને સર્ટિફિકેટના આધારે આણંદમાંથી વિઝા મેળવવાનું કૌભાંડ આ પ્રથમવાર નથી, અગાઉ પણ આવા કિસ્સા પ્રકાશમાં આવ્યા છે.

આણંદમાં ગત જૂન માસમાં નકલી માર્કશીટ અને સર્ટિફિકેટના આધારે વિઝા આપવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. આણંદ એસઓજીએ એસપી સ્ટડી પ્લાનર એલએલપ ીની ઓફિસ પર દરોડા પાડીને દેશની વિવિધ યુનિવર્સિટીઓની ૯૦ જેટલી નકલી માર્કશીટ અને પ્રમાણપત્રો જપ્ત કર્યા હતા. હાલ પોલીસે તપાસ હાથ ધરી છે.

### બોગસ વિઝા કૌભાંડનો પર્દાફાશ થાય તેવી સંભાવના

આણંદમાં આ પ્રકારની કાર્યવાહી પહેલી જ વખત થઈ રહી હોય તેવું નથી. અગાઉ પણ આણંદમાં આ પ્રકારની કાર્યવાહી થઈ ચૂકી છે.આ પહેલા આણંદમાં બનેલા આવા જ એક બનાવમાં નેકસ્ટ ડેસ્ટિનેશન કન્સલ્ટન્સીએ યુવાનની વિદેશ જવાની ઘેલછાનો લાભ ઉઠાવીને એક યુવાન સાથે લાખો રુપિયાની છેતરપિંડી કરી છે. વિરસદના યુવાને વિદેશ જવાની ઘેલછામાં નેકસ્ટ ડેસ્ટિનેશન કન્સલ્ટન્સીનો સંપર્ક સાધ્યો હતો. તેના પછી તેમની વાતોમાં આવી ગયો હતો. તેના લીધે તેઓએ યુકેના બોગસ વિઝા બારોબાર ફટકારીને તેની પાસે આઠ લાખ રૂપિયા કરતાં પણ વધારે રકમની ઠગાઈ કરી હતી.આ મામલે આણંદ પોલીસે અમન દીવાન નામની વ્યક્તિ સામે ફરિયાદ નોંધી હતી.




લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## મહેસાણાના વડનગરમાં ડબ્બા ટ્રેડિંગનો કાળો કારોબાર

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૧૯ ।

મહેસાણાના વડનગરમાં ડબ્બા ટ્રેડિંગનો કાળો કારોબાર ચાલી રહ્યો છે. વડનગર પોલીસ સ્ટેશનમાં એક સાથે અનેક ફરિયાદો નોંધાઈ છે. મહિનાઓ અગાઉ ઝડપાયેલા ડબ્બા ટ્રેડિંગમાં ફરિયાદ થઈ છે. શેરબજારમાં લોકોને વધુ કમાણીની લાલચ આપીના ડબ્બા ટ્રેડિંગની ફરિયાદ કરવામાં આવી છે.શેરબજારમાં લોકોને વધુ કમાણીની લાલચ આપીને ઠગાઈ કરવામાં આવી છે. બોગસ એકાઉન્ટોમાં નાણા ડિપોઝિટ પેટે જમા કરાવાતા હતા. બેંક ખાતામાં આવેલા નાણા જુદી-જુદી પદ્ધતિથી ઉપાડી લેવાતા હતા. શેરબજારમાં રોકાણ કરાવવાના બહાને ટોળકીઓ છેતરપિંડી કરતી હતી. ડબ્બા ટ્રેડિંગનો ગોરખધંધો ચલાવતી ટોળકી સામે કુલ ચાર જુદા-જુદા ગુનાઓમાં ૨૧ ગુનેગારો સામે ફરિયાદ નોંધાઈ છે. મહેસાણા એલસીબી પીએસઆઈએ ફરિયાદો નોંધાવી છે.ડબ્બા ટ્રેડિંગનું વિસ્તરણ પ્રતિદિવસ વધી રહ્યું છે.

## રાધનપુર રેલવે સ્ટેશને મહિલાએ બાળકી સાથે ટ્રેન નીચે પડતું મૂક્યું

। પ્રતિનિધિ, પાટણ, તા.૧૯ ।

રાધનપુર રેલવે સ્ટેશન ખાતે મહિલાએ પોતાની માસૂમ દૂકરી સાથે ટ્રેનની નીચે પડતું મુકી આત્મહત્યા કરતાં મહિલાનું મોત નીપજ્યું હતું જયારે માસૂમ દીકરીને ઈજાઓ પહોચતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવી છે. આ ઘટનાની મળતી હકીકત મુજબ રાધનપુર રેલવે સ્ટેશન ખાતે ગુરુવારના રોજ પોતાની માસૂમ દીકરી સાથે ઊભેલી મહિલાએ રેલવે સ્ટેશન પર ટ્રેન આવતાં દીકરી સાથે પડતું મૂક્યું હતું જેમાં મહિલા મહિલાનું કરુણ મોત નીપજ્યું હતું જ્યારે માસુમ બાળકીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ બનાવની જાણ રેલવે પોલીસને થતા તેઓએ ઘટના સ્થળે દોડી આવી મહિલાની લાશનું પંચનામું કરી તેને પીએમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જ્યારે ઈજાગ્રસ્ત બનેલી માસૂમ બાળકીને પણ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી હતી.

### ગૂજરાત વિદ્યાપીઠના ૧૦૫ મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

# ગાંધીજીએ સૂચવેલા સત્ય, અહિંસા જેવા મૂલ્યો હશે તો જ દુનિયા સુખ અને શાંતિથી જીવી શકશે : આચાર્ય દેવવ્રતજી

**પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન ન ઉદ્દેશ સાથેની ગ્રામ જીવન યાત્રા દરમ્યાન ૧૮,૦૦૦ ગામોમાં ગ્રામજનો અને ખેડૂતોને માર્ગદર્શન આપશે**

। માહિતી બ્યુરો, અમદાવાદ, તા.૧૯ ।

પૂજ્ય મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના ૧૦૫ મા સ્થાપના દિવસે વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આત્મા શરીર વિના રહી શકે છે, શરીર આત્મા વિના રહી શકતું નથી. એમ અક્ષરજ્ઞાન વિના દુનિયા રહી શકે છે, પરંતુ પૂજ્ય ગાંધીજીએ સૂચવેલા સત્ય, અહિંસા, અસ્તેય, સદાચાર, સંયમ અને અપરિગ્રહ નહીં હોય તો સમાજ નહીં બચી શકે. આ મૂલ્યો હશે તો જ દુનિયા સુખ અને શાંતિથી જીવી શકશે.






આધ્યાત્મિક વિકાસ જ જીવનને પૂર્ણતા આપે છે, એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પૂજ્ય ગાંધીજી ઈચ્છતા હતા કે, ગૂજરાત વિદ્યાપીઠમાં ભણનારા દીકરા-દીકરીઓ ચારિત્ર્યવાન બને, ધર્માત્મા અને જીતેન્દ્રિય બને. પરોપકારી, સેવક અને દયાળુ હોય. તેમના હૃદયમાં રાષ્ટ્ર પ્રત્યે દેશભક્તિનો ભાવ હોય. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આવા મૂલ્યોને લઈને આગળ વધે એવી અભ્યર્થના શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્થાપના દિવસે વ્યક્ત કરી હતી.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પૂજ્ય ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠનું ધ્યેય વાક્ય છે - 'સા વિદ્યા યા વિમુક્તયે'. જે વિદ્યા આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક તાપોથી છુટકારો આપે અને માનવને સંપૂર્ણ વ્યક્તિત્વ પ્રદાન કરીને આદર્શ મનુષ્ય બનાવે એ જ સાચી વિદ્યા. પૂજ્ય બાપુના વિચારો વૈદિક અને ઋષિ પરંપરાના વિચારો હતા એમ કહીને તેમણે કહ્યું કે, વિદ્યા બે પ્રકારની હોય છે; પરાવિદ્યા અને અપરાવિદ્યા. અભ્યાસક્રમની વિદ્યા, કે જેનાથી મનુષ્ય જીવન સુખમય, સરળ અને આરામદાયક બને છે એ વિદ્યા તે અપરાવિદ્યા અને અહિંસા, સત્ય, અસ્તેય,અપરિગ્રહ, બ્રહ્મચર્ય, સંતોષ અને સંયમ તે પરાવિદ્યા. પૂજ્ય બાપુ આવા મૂલ્યવાન માનવનું નિર્માણ ઈચ્છતા હતા.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો તેને ૨૦ મી ઓક્ટોબરે બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, ગૂજરાત વિદ્યાપીઠ ટ્રસ્ટી મંડળના સૌ મહાનુભાવો, કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ, વિદ્યાપીઠના તમામ અધ્યાપકો, સેવકગણ અને તમામ વિદ્યાર્થીઓના પ્રયત્નોથી હું વિદ્યાપીઠમાં મોટું પરિવર્તન જોઈ રહ્યો છું. અગાઉ અહીં જ મેં નિરાશા અને હતાશાનું વાતાવરણ તથા કર્તવ્યપરાયણતાનો અભાવ અનુભવ્યો છે.

## સુરતમાં પુત્રના જન્મનો આનંદ શોક બની ગયો, પિતાનું અકસ્માતમાં મોત

। પ્રતિનિધિ, સુરત, તા.૧૯ ।

સુરત શહેરમાં તાપી નદી ઉપરના જીલાની બ્રિજ પર અકસ્માત સર્જાયો હતો. બાઈક સ્લીપ થતાં લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના ક્લસ્ટર મેનેજરનું મોત થયું હતું. પુત્રના જન્મના બીજા જ દિવસે પિતાનું અકસ્માતમાં મોત થતા પરિવારમાં ખુશીનો માહોલ શોકમાં તબદીલ થઈ ગયો હતો. સ્મીમેર હોસ્પિટલમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ યુપીમાં આવેલા બનારસના વતની ૩૪ વર્ષીય બિપિન રાજેશભાઈ પાઠક હાલમાં શહેરના અડાજણ ખાતે પાલનપુર પાટિયા પાસે આવેલા સ્વસ્તિક પાર્કમાં પરિવાર સાથે રહેતા હતા, તેમને પાંચ વર્ષની પુત્રી છે અને બે દિવસ પહેલા જ પુત્રનો જન્મ થયો હતો. તેઓ છેલ્લા ૧૨ વર્ષથી વેડરોડ પર આવેલી લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં ક્લસ્ટર મેનેજર તરીકે નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરતાં હતા. ગત તારીખ ૧૬મીના રોજ રાત્રે રાબેતા મુજબ પોતાની બાઈક પર કામ પરથી ઘરે જવા માટે નીકળ્યા હતા.

## પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે પડેલા સાળાની છરીના ઘા છીંકી હત્યા

। પ્રતિનિધિ, પોરબંદર, તા.૧૯ ।

પોરબંદર શહેરના વિરડી પ્લોટ વિસ્તારમાં આજે વહેલી સવારે હત્યાની ઘટના બની હતી. પતિ-પત્નીના ઝગડામાં, મહિલાનો મામાનો દીકરો ભાઈ વચ્ચે સમજાવવા આવ્યો હતો. દરમિયાન ઉશ્કેરાયેલા પતિએ સાળાને છરીના ઘા ઝીંકી દેતા નિતીન નામના યુવકને છરીના ઘા ઝીંકી દેતા તેને સારવારમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજતા બનાવ હત્યામાં ફેરવાયો છે. આ મામલે મૃતક યુવાનના પરિવારના શોભનાબેન પરમારે પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેઓના લગ્ન ૮ વર્ષ પહેલાં નરેશ ગોવિંદ પરમાર નામના વ્યક્તિ સાથે થયા હતા. નરેશ પરમાર અવારનવાર દારૂ પી હેરાન પરેશાન કરતો હતો. તેનાથી કંટાળી છેલ્લા બે વર્ષથી મહિલા માવતરના ઘરે પોરબંદરના વીરડી પ્લોટમાં રહે છે. તેનો પતિ નરેશ છેલ્લા પાંચ દિવસથી પોરબંદર આવ્યો છે.

## અમદાવાદ ગ્રામ્યની ૧.૭ કરોડની ચોરીમાં મિત્ર જ દગાખોર નીકળ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ જિલ્લાના સરગવાળા ગામે થયેલી ૧ કરોડ ૭ લાખની ચોરી મામલે બે આરોપીઓની અમદાવાદ ગ્રામ્ય એલસીબી પોલીસે ધરપકડ કરી છે. ચોરીના એક અઠવાડિયામાં ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓની ધરપકડ કરી ચોરીનો તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે ચોરીનો ગુનો ઉકેલવામાં પોલીસને મદદ કરનાર જ આરોપી નીકળ્યો અને ડોગ સ્કવોડની મદદથી પોલીસ મુખ્ય આરોપી સુધી પહોંચી હતી.અમદાવાદ ગ્રામ્ય એલસીબીની ગિરફ્ત માં ઉભેલા આ બંને આરોપી ના નામ બુધાભાઈ સોલંકી અને વિક્રમ સોલંકી છે. જે બંને આરોપી કોઠ પાસે આવેલા સરગવાળા ગામના છે. પોલીસે બંને બુધાભાઈ સોલંકી અને વિક્રમ સોલંકી આરોપીઓની ચોરીના ગુનામાં ધરપકડ કરી છે.આ બંને બુધાભાઈ સોલંકી અને વિક્રમ સોલંકી આરોપીઓએ ભેગા મળી એક અઠવાડિયા પહેલા ઉદેસંગ નામના ખેડૂતના ઘરમાં ૧ કરોડ ૭ લાખની ચોરીને અંજામ આપ્યો હતો. ફરિયાદી નવરાત્રીની આઠમના દિવસે તારાપુર ખાતે ગયા હતા. તે સમયે બંને આરોપીઓએ ભેગા મળી ઘરની દીવાલ તોડી ઘરમાં રહેલા રોકડા રૂપિયાની ચોરી કરી હતી અને ઝડપાયેલા આરોપી બુધા સોલંકી એ જ ચોરી અંગે પોલીસને જાણકારી પણ આપી હતી.

### પોલીસ કમિશનરે એક મહત્વપૂર્ણ આદેશ જાહેર

# કર્મચારી અને સિવિલિયન સ્ટાફે ટુ વ્હીલર વાહન ચલાવતી વખતે હેલ્મેટ ફરજિયાત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ શહેરમાં વધતા જતા ટ્રાફિક અને તેના કારણે થતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ કમિશનરે એક મહત્વપૂર્ણ આદેશ જાહેર કર્યો છે. આ આદેશ અનુસાર, અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા તમામ પોલીસ અધિકારી, કર્મચારી અને સિવિલિયન સ્ટાફે ટુ વ્હીલર વાહન ચલાવતી વખતે ફરજિયાતપણે હેલ્મેટ પહેરવાનું રહેશે.

આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ રોડ અકસ્માતમાં થતાં મૃત્યુની સંખ્યા ઘટાડવાનું છે. દ્રઝઈમ્ દ્વારા પ્રકાશિત ૨૦૨૨ના આંકડા મુજબ, ભારતમાં કુલ ૧,૭૧,૧૦૦ વ્યક્તિઓના મૃત્યુ રોડ અકસ્માતના કારણે થયા હતા, જેમાંથી ૪૫.૫૧% મૃત્યુ ટુ વ્હીલર વાહનચાલકોના હતા. ગુજરાતમાં ૨૦૨૨માં કુલ ૭,૬૩૪ લોકોના રોડ અકસ્માતમાં મૃત્યુ થયા, જેમાંથી ૪૯.૧૭% મૃત્યુ ટુ વ્હીલર વાહનચાલકોના હતા.આ પગલું માત્ર પોલીસ કર્મચારીઓની સલામતી માટે જ નહીં, પરંતુ સમાજમાં એક ઉદાહરણ સ્થાપિત કરવા માટે પણ લેવામાં આવ્યું છે. પોલીસ કમિશનરે આ આદેશની ચુસ્તપણે અમલવારી કરવા તમામ સુપરવાઈઝરી અધિકારીઓને જવાબદાર ઠેરવ્યા છે.નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા જ ગુજરાત હાઈકોર્ટે સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ પહેરવાનું ફરજિયાત બનાવવા અંગે મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતો. હાઈકોર્ટ સમક્ષ એડવોકેટ જનરલે જણાવ્યું કે, સરકાર આ અંગે ટૂંક સમયમાં સત્તાવાર સૂચના જાહેર કરશે.ચીફ જસ્ટિસે ટકોર કરતા કહ્યું કે, ×લોકોને સમય અને કાયદા બંનેની ભાન કરાવવાની જરૂર છે.× તેમણે ઉમેર્યું કે આવા કર્મચારીઓને રોકવાથી તેમને સમયનું પણ ભાન થશે.આ નિર્ણય માત્ર સરકારી કર્મચારીઓ પૂરતો સીમિત નથી. ગુજરાત હાઈકોર્ટમાં કામ કરતા કર્મચારીઓ માટે પણ હેલ્મેટ ફરજિયાત કરવા અંગે સર્ક્યૂલર બહાર પાડવાની વિચારણા ચાલી રહી છે.આ પગલાંથી રાજ્યમાં ટ્રાફિક નિયમોનું પાલન વધશે અને રોડ સુરક્ષામાં સુધારો થશે તેવી અપેક્ષા છે.




### કાંકરિયા ખાતે આ વીકએન્ડમાં યોજાશે લેસર શો

# અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં રજિસ્ટ્રેશન કરીને જીતી શકો છો સરપ્રાઇઝ ગિફ્ટ !!

**સિંધુ ભવન રોડ ખાતે ૨૦ ઓક્ટોબરના રોજ સાંજે ૬થી ૧૦ કલાકે ગાયક કલાકાર પ્રહર વોરાનું લાઇવ પર્ફોર્મન્સ**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૨ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારના સહયોગથી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ૧૨ ઓકટોબર- ૨૦૨૪ થી ૧૪ જાન્યુઆરી-૨૦૨૫ સુધી આયોજન કરવામાં આવ્યું છે, જેનો તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભવ્ય પ્રારંભ કરાવ્યો છે.




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં આવનારા તમામ મુલાકાતીઓએ માટે સરળ ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે મુલાકાતીઓએ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલની વેબસાઈટ https://www.ahmedabadshoppingfestival2024.com/ ની મુલાકાત લેવી પડશે. આ વેબસાઈટ પર તેઓએ પોતાનું વ્યક્તિગત રજિસ્ટ્રેશન કરવું પડશે. આ રજિસ્ટ્રેશન દરમિયાન નામ, ઈ-મેઈલ આઈડી અને ફોન નંબર નાખ્યા બાદ એક ઓટીપી રજિસ્ટ્રેશન મોબાઈલ નંબર પર આવશે. ત્યારબાદ એક સર્ટિફિકેટ જનરેટ થશે, જેનાથી તમારી રિજસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થશે.

આ રજિસ્ટ્રેશનની સાથો-સાથ મુલાકાતીઓને અનેક ઈનામો જીતવાની પણ તક મળી રહી છે. આ રજિસ્ટ્રેશન પ્રક્રિયાની સાથે મુલાકાતીઓને અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં નક્કી કરાયેલા તમામ શોપિંગ ઝોન સુધી પહોંચવા માટે નિઃશુલ્ક બસ રાઈડની સુવિધા, એકસ્ટ્રા ડિસ્કાઉન્ટ, ફેસ્ટિવલ એક્સેસ જેમ કે મ્યુઝિક અને કલ્ચરલ કાર્યક્રમમાં નિશુલ્ક પ્રવેશ તેમજ સરપ્રાઈઝ ગિફ્ટ પણ મળશે. અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં મુલાકાતીઓને માટે લકી ડ્રો પણ રાખવામાં આવ્યો છે. આ લકી ડ્રોમાં ભાગ લેવા માટે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલની વેબસાઈટ પર ખરીદી કરનાર તમામ મુલાકાતીઓએ લોગઈન કરવું પડશે. ત્યારબાદ શોપિંગ બિલનો ફોટો અપલોડ કરવાનો રહેશે, જેમાં દુકાનનું નામ, ખરીદીની કિંમત અને વસ્તુનું નામ અવશ્ય લખવાનું રહેશે.

અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ અંતર્ગત સિંધુ ભવન રોડ ખાતે ૨૦ ઓક્ટોબરના રોજ સાંજે ૬ થી ૧૦ કલાકે ગાયક કલાકાર પ્રહેર વોરાનું લાઈવ પર્ફોર્મન્સ માણવા મળશે. આ વીકએન્ડમાં ૧૯-૨૦ ઓક્ટોબરના રોજ કાંકરિયા ખાતે લેસર શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, વિદેશની ધરતી પર જે પ્રકારે શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવતું હોય છે, એવા જ શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૯માં અમદાવાદ ખાતે કરાવ્યો હતો. હવે એ જ તર્જ પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૧૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

### અહીં માતાજીના દર્શન કરીને ભક્તો ધન્યતા અનુભવે છે

# માધુપુરા માર્કેટ ખાતે આવેલા ૨૦૦ જુના અંબાજી મંદિરમાં દર્શનનો અનેરો મહિમા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

શહેરની મધ્યમાં આવેલ માધુપુરા માર્કેટમાં અંબાજીનું મંદિર આવેલ છે. આ મંદિરના ઈતિહાસથી કેટલાક લોકો વાકેફ નથી માટે અમે આ મંદિરના ઈતિહાસથી વાકેફ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. માધુપુરા મંદિરની ભવ્ય મૂર્તિ જોતા જ ખ્યાલ આવી જાય કે આ મંદિરની સ્થાપના આજથી ૨૦૦ વર્ષ પહેલા કરવામાં આવી હતી. મંદિરની સ્થાપના કપડવંજના ઘી ના વેપારી નરભેરામ ભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.



માધુપુરા અંબાજીના શાસ્ત્રીજી નિરવભાઈ ભટ્ટના જણાવ્યા અનુસાર અંબાજીની મૂર્તિ જયપુરના શિલ્પકાર પાસે તૈયાર કરવામાં આવી હતી અને મૂર્તિને માધુપુરા માં લવાઈ હતી પરંતુ માધુપુરામાં તેની સ્થાપના ક્યાં કરવી તે અંગે મૂંઝવણ હતી પરંતુ માતાજીની કૃપાથી આ મૂંઝવણ નો ઉકેલ નરભેરામ ભાઈ ને મળી આવ્યો હતો માધુપુરા ના સ્થાનિક લોકોના સાથ સહકારથી આ મૂર્તિની સ્થાપના અહીં જ કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં સૂતેલા દર્દીઓને જગાડીને સભ્ય બનાવ્યા

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૯ ।

ભાજપનું સદસ્યતા અભિયાન ફરીએકવાર વિવાદમાં આવ્યું છે. જૂનાગઢની ત્રિમૂર્તિ હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન માટે દાખલ થયેલા દર્દીઓને ભાજપના સદસ્ય બનાવી દેવામાં આવ્યા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. જૂનાગઢમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢના દર્દીઓની સાથે આવેલા વ્યક્તિએ ત્રિમૂર્તિ હોસ્પિટલમાંથી આવેલા આંખના દર્દીઓની ભાજપના સદસ્ય તરીકે નોંધણી કરાવી હોવાનું જાણવા મળ્યું છે.સુત્રોનું માનીએ તો ભાજપના નેતાઓ અને કાર્યકરોને ભાજપના સદસ્યો બનાવવા માટે ટાર્ગેટ આપવામાં આવ્યો છે. અને ટાર્ગેટ પુરો કરવા માટે તેઓ જ્યાં જે મળે તેને ભાજપના સદસ્ય બનાવવા માટે અધીરા બની જાય છે. થોડા સમય પહેલા વિસનગરની સરકારી હોસ્પિટલમાં પણ દર્દીઓને ભાજપના સભ્ય બનાવવામાં આવી રહ્યા હોવાનો કિસ્સો ચર્ચામાં આવ્યો હતો.







## તંત્રી લેખ..

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઇ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઇ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રશ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઇ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઇ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે.

# હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઇ રહ્યો છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઇ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઈફસ્ટાઈલ ઘાતક બની રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઈને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઈફસ્ટાઈલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઈપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઈ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે. ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે.સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ. ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે. આના પાળવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ હાર્ટ કેર ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ કાર્ડિયોલોજીસ્ટે કહ્યુ છે કે એક દર્દી પ્રથમ વખત આવે છે ત્યારે ચારે હાથપગમાં બીપીની ચકાસણી કરવામાં આવે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે હાથમાં બ્લોકેઝ બેઈન વેસલ્સ અને હાર્ટની ધમનીઓમાં બ્લોકેઝ સાથે સંબંધ ધરાવે છે.જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### ૩ જુલાઈ ૨૦૨૩:વિશ્વનો સૌથીવધુ ગરમ દિવસ રહ્યો...

**પૃથ્વીનાં ઇતિહાસમાં અત્યાર સુધીનો આટલો ગરમ દિવસ ક્યારેય જોવા મળ્યો નથી. સોમવારે ધરતીનું સરેરાશ તાપમાન ૧૭.૦૧ ડિગ્રી સેલ્સીયસ નોંધાયુ હતું. જે અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન માનવામાં આવી રહ્યું છે.**

# યુએસ નેશનલ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્રિડિક્શને ગરમી અંગેનો અહેવાલ બહાર પાડ્યો

**સાવધાન! વધતી જતી અસહ્ય ગરમી મોતની સજા બની શકે છે ! આ તાપ માને વર્ષ ૨૦૧૬માં બનેલા ૧૬.૯૨ ડિગ્રી સેલ્સિયસના અગાઉના રેકોર્ડને ૫ ાછળ છોડી દીધો છે.**

ચોમાસુ આવી ગયું હોય, પણ મન મૂકીને વરસાદ પડતો નાં હોય. એકાદ સામાન્ય ઝાપટું પડ્યા પછી ઉકળાટ અને બાફનો અનુભવ થતો હોય ૨૪કલાક ચાલતા એસીનુંબીલ પણ વધતું જતું હોય ત્યારેઅસહ્ય ગરમીથી ત્રાહિમામથઈ ગયેલા લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની ગયું હતું. હા, આ વખતે ૩ જુલાઈ ૨૦૨૩નો દિવસ સૌથી ગરમ દિવસ રહ્યો. પૃથ્વીનાં ઈતિહાસમાં અત્યાર સુધીનો આટલો ગરમ દિવસ ક્યારેય જોવા મળ્યો નથી. સોમવારે ધરતીનું સરેરાશ તાપમાન ૧૭.૦૧ ડિગ્રી સેલ્સીયસ નોંધાયુ હતું. જે અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન માનવામાં આવી રહ્યુંછે યુએસ નેશનલ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્રિડિક્શને ગરમી અંગેનો અહેવાલ બહાર પાડ્યોછે. અને ચેતવણી આપી છે કે સાવધાન, વધતી જતી અસહ્ય ગરમી મોતની સજા બની શકેછે. પૃથ્વી પર ખોરવાતી જતી પરીઆવરણનીઅસમતુલાનું પરિણામ આજે માનવી ભોગવી રહ્યો છે. વાતાવરણમાં કાર્બનડાયોક્સાડનું વધતું જતું પ્રમાણ અને જળવાયુ પરિવર્તનમાં બદલાવ આવવાના કારણે તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. વધતી જતી ગરમીના કારણે સમગ્ર વિશ્વ ત્રસ્ત છે.



વૈજ્ઞાનિકોએ કહ્યું કે, વધતી ગરમી એ લોકો માટે મોતની સજા બની શકે છે.

આ વખતે ગરમીએ સાત વર્ષ પહેલાનો રેકોર્ડ તોડી નાંખ્યો. વિશ્વભરમાં ગરમીના મોજાને કારણે સોમવારે સરેરાશ વૈશ્વિક તાપમાન ૧૭.૦૧ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું. આ તાપમાને વર્ષ ૨૦૧૬માં બનેલા ૧૬.૯૨ ડિગ્રી સેલ્સિયસના અગાઉના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. તે જ સમયે, દક્ષિણ અમેરિકા તાજેતરના અઠવાડિયામાં તીવ્ર ગરમી સામે ઝઝૂમી રહ્યું છે. આ સિવાય ચીનમાં પણ લોકો હીટ વેવનો સામનો કરી રહ્યા છે. અહીં તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહે છે. તે જ સમયે, ઉત્તર આફ્રિકામાં તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસની નજીક નોંધાયું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ સમયે એન્ટાર્કટિકામાં શિયાળાની મોસમ હોવી જોઈએ પરંતુ અહીં સામાન્ય કરતા વધારે તાપમાન નોંધાયું છે. આર્જેન્ટિનો ટાપુઓમાં યુક્રેનના વર્નાડસ્કી રિસર્ચ બેઝ તાજેતરમાં ૮.૭ ડિગ્રી સેલ્સિયસ સાથે તેનો જુલાઈ મહિનાના તાપમાનનો રેકોર્ડ તોડ્યો હતો.

છેલ્લા ચાર દાયકામાં એવા દિવસોની સંખ્યા વધી છે કે જ્યારે તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું હોય. બીબીસીએ નોંધ્યું છે કે ૧૯૮૦થી ૨૦૦૯ વચ્ચે વર્ષે સરેરાશ ૧૪ દિવસોમાં તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું હતું, આવા દિવસોની સંખ્યા ૨૦૧૦થી ૨૦૧૯ની વચ્ચે ૨૬ રહી હતી. આ સમયગાળામાં દર વર્ષે તાપમાન ૪૫ ડિગ્રી અને તેનાથી ઉપર નોંધાયું હતું. બ્રિટનના આબોહવા વિજ્ઞાની ફ્રેડરિક ઓટ્ટોએ વધતા તાપમાન અંગે જણાવ્યું હતું કે, આ કોઈ માઈલસ્ટોન નથી જેને આપણે ઉજવીએ. આ લોકો માટે મોતની સજા બની શકે છે. તે જ સમયે, અન્ય વૈજ્ઞાનિકોએ કહ્યું કે, આ માટે ક્લાયમેટ ચેન્જ જવાબદાર છે. સંશોધકો માને છે કે, અલ નીનો નામની કુદરતી હવામાન ઘટના અને માનવીઓમાંથી કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનનું મિશ્રણ ગરમીનું કારણ બની રહ્યું છે. વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીના તાપમાનમાં વધારો થવાની ઘટનાને 'અલ નિનો' કહેવામાં આવે છે. વૈજ્ઞાનિકોના મતે તાપમાનમાં વધારાના તમામ કારણોમાં મોસમી પરિબળ 'અલ નિનો' પણ મહત્વપૂર્ણ છે. જ્યારે પ્રશાંત મહાસાગરના મધ્ય અને પૂર્વ ધ્રુવીય પ્રદેશોમાં સમુદ્રના મોટા ભાગની સપાટીનું તાપમાન વધે છે ત્યારે તેને અલ નીનો અસર કહેવાય છે. ક્યારેક આ તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ સુધી વધી જાય છે. આ વધારાના તાપમાનને કારણે વાતાવરણમાં ગરમી વધે છે. અલ નીનો અસરવાળા વર્ષોમાં, આ ગરમીને કારણે, પૃથ્વીનું તાપમાન પણ વધે છે. અલ નીનો સામાન્ય રીતે ઉષ્ણકટિબંધીય પ્રદેશના હવામાનને અસર કરે છે. મુશળધાર વરસાદ જે સામાન્ય રીતે દક્ષિણપૂર્વ એશિયા અથવા પૂર્વ ઓસ્ટ્રેલિયામાં થાય છે તે દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારે આ અસરને કારણે થાય છે. આ ફેરફારને કારણે વિવિધ ખંડોમાં દુષ્કાળ અને પૂરની સ્થિતિ ઊભી થઈ શકે છે, ખાદ્ય ઉત્પાદનને અસર થઈ શકે છે અને ક્રિકેટ વગેરે જેવી આઉટડોર રમતોને પણ અસર થઈ શકે છે. આ ક્ષેત્રના હવામાનમાં થતા ફેરફારની અસર સમગ્ર વિશ્વ પર પડે છે.

ઉત્તર યુરોપમાં પણ, હજારો કિલોમીટર દૂર, અલ નીનોના પ્રભાવને કારણે ઠંડા અને સૂકા શિયાળો અનુભવાય છે. તેમ છતાં, ત્યાં ઘણા પરિબળો છે જે યુરોપના હવામાનને અસર કરે છે, ખાસ કરીને શિયાળામાં. આવી સ્થિતિમાં, યુરોપમાં સામાન્ય હવામાન પ્રવૃત્તિઓને અલ નીનો અસર સાથે જોડતી વખતે વધુ સાવચેત રહેવાની જરૂર છે. પેસિફિક મહાસાગર દક્ષિણ અમેરિકાના કિનારે તેની પૂર્વ ધારથી ઈન્ડોનેશિયામાં તેની પશ્ચિમી ધાર સુધી ૧૩,૦૦૦ કિલોમીટરથી વધુ વિસ્તરે છે. દરિયાની સપાટીનું તાપમાન આટલા લાંબા અંતર પર બદલાય છે. સામાન્ય રીતે, પેસિફિક મહાસાગરની પૂર્વ બાજુનું તાપમાન પશ્ચિમ બાજુના તાપમાન કરતાં સરેરાશ અથવા પાંચ ડિગ્રી ઓછું હોય છે. એટલે કે, પૂર્વ બાજુ પશ્ચિમ બાજુ કરતાં ઠંડી રહે છે. પૂર્વીય કિનારો ઠંડો રહેવાનું કારણ દક્ષિણ અમેરિકા નજીકના મહાસાગરમાં ઠંડા પાણીનું મિશ્રણ છે, જેની પ્રક્રિયામાં સમુદ્રની ઊંડાઈમાંથી ઠંડુ પાણી સપાટી સુધી ખેંચાય છે જ્યારે, લા નીના અસર વિપરીત છે. આમાં દરિયાની સપાટીનું તાપમાન ઠંડુ થાય છે. છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલી લા નીના ઈફેક્ટનો આ વર્ષે અંત આવી રહ્યો છે. પશ્ચિમી ઉષ્ણકટિબંધીય પેસિફિક પ્રદેશનું



ડોક્ટર ડાયરી

લેખક : ડો. મિતાલી ભચેચ


### ટ્રેપેઝાઇટિસ એટલે આ સ્નાયુ માં આવતો સોજો

**ટ્રેપેઝાઇટિસને કારણે થતો દુખાવો થોડા સમય માટે રહે છે, જે સામાન્ય રીતે ત્રણથી પાંચ દિવસની વચ્ચે હોય છે. કેટલાક પ્રાથમિક કારણો જે પીડા તરફ દોરી જાય છે તેમાં સ્નાયુમાં તાણ અથવા થાક શામેલ છે.**

# ગરદન અને ઉપલી પીઠના મોટા સ્નાયુ 'ટ્રેપેઝીયસ'નો દુખાવો શું છે

**માથાને સ્થિર રાખવાની જરૂર હોય છે. તેથી જે લોકો લાંબા સમય સુધી કમ્પ્યુટર પર કામ કરે છે અને લાંબા અંતર સુધી વાહન ચલાવે છે તેઓ મુખ્યત્વે વિકસિત થાય છે અથવા ટ્રેપેઝિયસથી પીડાય છે**

ટ્રેપેઝિયસ એ પીઠ તરફનો એક મોટો સ્નાયુ છે જે ગળાના નેપથી શરૂ થાય છે. સ્નાયુ આપણા શરીરના ઘણા પ્રાથમિક કાર્યો કરે છે, તે બધામાં સૌથી અગત્યનું છે માથું ઉપરની તરફ ઊંચું કરવું અથવા ખભા ઉલાળવું. આ ઉપરાંત, મોટા ભાગના સ્નાયુઓ પીઠમાં આવેલા હોય છે, જે ખભાની બ્લેડની હિલચાલ, પરિભ્રમણ અથવા સ્થિરતામાં પણ મદદ કરે છે. પહોળો, સપાટ સ્નાયુ મોટા ભાગની પીઠના ઉપરના ભાગ અથવા તો ગરદનના પાછળના ભાગમાં પણ સપાટી પર આવતો હતો, જે પીઠને આરામદાયક લાગે તે માટે જવાબદાર હોય છે. જો કે, ટ્રેપેઝિયસ એક મોટા વિસ્તારને સપાટી પર આવે છે, તેથી તેમાં જો સોજો આવે તો તે ગંભીર પીડા પેદા કરી શકે છે અથવા સંબંધિત હલનચલનને પણ અસર કરી શકે છે. ટ્રેપેઝાઈટિસ એટલે આ સ્નાયુ માં આવતો સોજો. ટ્રેપેઝાઈટિસને કારણે થતો દુખાવો થોડા સમય માટે રહે છે, જે સામાન્ય રીતે ત્રણથી પાંચ દિવસની વચ્ચે હોય છે. કેટલાક પ્રાથમિક કારણો જે પીડા તરફ દોરી જાય છે તેમાં સ્નાયુમાં તાણ અથવા થાક શામેલ છે. આ બધું નથી; ખરાબ મુદ્રાને પીડાના મુખ્ય કારણોમાંના ૧ તરીકે પણ ઓળખવામાં આવે છે. ટ્રેપેઝાઈટિસ મુખ્યત્વે એવી વ્યક્તિઓમાં વિકસિત થાય છે કે જેમને લાંબા સમય સુધી તેમના



માથાને સ્થિર રાખવાની જરૂર હોય છે. તેથી જે લોકો લાંબા સમય સુધી કમ્પ્યુટર પર કામ કરે છે અને લાંબા અંતર સુધી વાહન ચલાવે છે તેઓ મુખ્યત્વે વિકસિત થાય છે અથવા ટ્રેપેઝિયસથી પીડાય છે. સામાન્ય રીતે કામના કલાકો અને લાંબા સમયના ડ્રાયવીંગ કર્યા પછી સાંજ અને રાતે ગરદનના નીચેના ભાગમાં દુખાવો અનુભવાય છે. સ્નાયુઓ સખત અથવા તંગ બની જાય છે. જેમએ 'મસલ સ્પાઝ્મ'' કહવામાં આવે છે. કેટલીક વાર તો આ સ્પાઝ્મ એટલું વધી જતું હોઈ છે કે ગરદનની હિલચાલ માં પણ મુશ્કેલી આવે છે, અને સૂઈ પણ નથી શકાતું. ટ્રેપેઝાઈટિસને કારણે લાંબા સમય સુધી પીડા થયા પછી, પીડા વધુ મુશ્કેલીકારક બની જાય છે અથવા તે સામાન્ય રીતે ટ્રેપેઝિયસમાં સહેજ ટ્રિગર અને તાણ દ્વારા દેખાઈ શકે છે.

- ટ્રેપેઝિયસ સ્નાયુમાં સ્પાઝ્મ સામાન્ય રીતે વ્યક્તિમાં ત્રણથી પાંચ દિવસ સુધી ટકી શકે છે.
- ટ્રેપેઝાઈટિસના આ તબક્કા દરમિયાન, દર્દીઓ તેમના હાથ અથવા હાથમાં દુખાવાની ફરિયાદ પણ કરી શકે છે.
- ખોપરીના સ્નાયુ ટ્રેપેઝીયસ સાથે સંકળાયેલા હોઈ માથાનો દુખાવો પણ થઈ શકે છે.
- ખભા બ્લેડની પાછળની બાજુએ, હાથની અંદરની બાજુએ, અથવા રિંગ અથવા નાની આંગળીઓમાં સંબંધિત પીડા
- ટ્રેપેઝિયસ પીડા સામાન્ય રીતે ગરદનના વિસ્તરણ પર પાછળની અને ઉપરની તરફ અનુભવાય છે.
- ટ્રેપેઝાઈટિસ, એટલે કે આ સ્નાયુમાં આવતો સોજો, ખાસ કરીને લાંબા સમયથી ચાલી આવતી પરિસ્થિતિઓમાં, ક્રોનિક સ્નાયુઓમાં ખેંચાણ પણ ચેતાના સંકોચન તરફ દોરી જઈ શકે છે. આના પરિણામે ઘણીવાર ટ્રેપેઝાઈટિસના વધુ લક્ષણો જોવા મળે છે જેમ કે ઝણઝણાટી, સુન્નતા અને અસરગ્રસ્ત બાજુના હાથ અથવા આંગળીઓમાં નબળાઇ પણ.

ટ્રેપેઝાઈટિસના કેટલાક સામાન્ય કારણોમાં સામેલ છે:

- એક જ પોઝિશનમાં લાંબા સમય સુધી કામ કરવું.
- લાંબા સમય સુધી વિચિત્ર સ્થિતિમાં પુસ્તક વાંચવું.
- દૂર દૂર સુધી વાહન ચલાવવું.
- લાંબા સમય સુધી એક જ વિચિત્ર મુદ્રામાં ટેલિવિઝન જોવું.
- સ્તનપાન કરાવતી મહિલાઓ પણ ટ્રેપેઝાઈટિસથી પીડાઈ શકે છે, ખાસ કરીને જો તે તેમના બાળકને ખવડાવવાના સમય દરમિયાન તેમના ખભાને વાળે છે.
- કેટલીક વ્યક્તિઓને ગળા અથવા પીઠના નબળા સ્નાયુઓને કારણે ટ્રેપેઝાઈટિસનો પણ અનુભવ થઈ શકે છે, જે અન્ય આરોગ્યની સ્થિતિ અને ઈજાઓને કારણે થઈ શકે છે. આઘાત પડે છે, અને ગળા અને પીઠ પર મારામારી એ ટ્રેપેઝાઈટિસના ૧ કારણો હોઈ શકે છે.
- થાક, તણાવ અથવા ટેન્શન
- સખત પુનરાવર્તિત હિલચાલ (આરએસઆઈ) અને દૈનિક જીવનની ખામીયુક્ત પ્રવૃત્તિઓ (એડીએલ)
- પીઠ આધાર વિના લાંબા સમય સુધી બેસવું એ લાંબો સમય સુધી ચાલે છે
- આગળની માથાની મુદ્રામાં
- ફોનને કાન અથવા ખભાની વચ્ચે રાખવો
- ભારે બેકપેક અથવા બેગ વહન કરવું
- ચુસ્ત બ્રા પટ્ટા અથવા ભારે અથવા બલ્કિયર સ્તનોનું વજન
- બાળકને ખભા આગળ નમાવીને અથવા હાથમાં રહેલા બાળકનું વજન સ્તનપાન કરાવવું
- પીઠ અથવા પેટ પર માથું ૧ બાજુ વળેલું રાખીને સૂવું
- કમ્પ્યુટર ડેસ્ક પર ખૂબ ઊંચું કીબોર્ડ
- હાથનો આધાર ન હોય તેવા ડેસ્ક પર કામ કરવું
- બાઈક અથવા કાર પર લોંગ ડ્રાઈવ
- કડક પેક્ટોરાલિસ મુખ્ય સ્નાયુઓ
- લાંબા સમય સુધી હેડ બેન્ડિંગ પ્રવૃત્તિઓ (વાંચન અથવા માઈક્રોસ્કોપ અથવા દંત ચિકિત્સા દ્વારા જોવું)

# સ્વ. ગલબાભાઈ પટેલ સ્પષ્ટપણે માનતા હતા કે, ''માણસ પ્રેમથી એકબીજા સાથે રહે તે સૌથી મોટી ક્રાંતિ છે''



મન ઉપવન

મુકેશ આંજણા

હંમેશાં મહાન માણસની જેટલી સારી વાતો છે તેનું અનુસરણ કરવાથી દિવ્યમાન સમાજનું નિર્માણ થાય છે. દિવ્યમાન સમાજ હોય ત્યાં આદર્શ ગુણો આપમેળે ઊગી નીકળતા હોય છે અને કોઈ પ્રકારનો ભેદભાવ ન હોય ! માત્ર ત્યાં પ્રેમ અને માનવતાની સુગંધ હોય છે. બનાસકાંઠાના લોકસેવક સ્વ. ગલબાભાઈ પટેલે માનવીય સંબંધ મજબૂત કરવાનું કામ કર્યું હતું. સ્વ. ગલબાભાઈ પટેલ સ્પષ્ટપણે માનતા હતા કે, '' દરેક માણસ પ્રેમથી એકબીજાની સાથે રહે તે સૌથી મોટીક્રાંતિ છે.આપણો દેશ ૧૫મીઓગસ્ટ ૧૯૪૭ના દિવસે આઝાદ થયો હતો. આઝાદી તો મળી ગઈ પણ સામાજિક આઝાદીમાં અસમાનતા જોવા મળે છે. મહાત્મા ગાંધીજીએ કહેલું કે, '' સામાજિક આઝાદી ખૂબ જ મહત્ત્વની છે. સામાજિક આઝાદી વગર માનવી ગુલામ બની જાય છે'' આપણા ગલબાભાઈ પટેલ પણ ગાંધીજી અસ્પૃશ્યતા- નિવારણની લડત ચાલવતા હતા ત્યારે તેમાં જોડાઈ ગયા હતા અને આ ઝંડો પોતાના કંધા પર લઈને પછાત વિસ્તાર બનાસકાંઠામાં જાગૃતિ લાવવા માટે પ્રયત્નો કર્યા હતા. ગલબાભાઈ પટેલ સૌને સરખો પ્રેમ આપતા હતા.

માનવતાના મૂલ્યો ધરાવતા સ્વ. ગલબાભાઈ પટેલે માત્ર સવર્ણોને જ મિત્રો બનાવ્યા ન હતા, પણ હરિજનોને પણ મિત્ર બનાવ્યા હતા. દરેક સમાજના લોકોને પ્રેમ આપવો એવા વિચારો બાળપણથી જ સ્વ. ગલબાભાઈના હૃદયમાં જાણે આકાર પામેલા હતા. મહાત્મા ગાંધીજી આફ્રિકાની લડત લડીને ભારત આવ્યા, તે સમયે ભારત દેશની રાજકીય અને સામાજિક પરિસ્થિતિ જોઈને તેઓ અનેક વ્યથામાં ડૂબી ગયા હતા. ગાંધીજીએ પોતાની વ્યથામાં માનવીય સ્વમાન શોધ્યું હતું. મહાત્મા ગાંધીજીએ ભારત દેશમાં 'અસહયોગ આંદોલન', 'સવિનયન કાનુનભંગ' તેમજ ૧૯૪૨માં ' ભારત છોડો આંદોલન' વગેરે પ્રવૃત્તિ દ્વારા સમગ્ર ભારતીયોના જનમાનસને રાષ્ટ્રીયતાના રંગે રંગી દીધું હતું. તેમની રચનાત્મક, સામાજિક સમરસતા લાવવા માટેની પ્રવૃત્તિમાં 'અસ્પૃશ્યતા નિવારણ' લડત પણ સામેલ હતી. ગલબાભાઈ પટેલના માનસપટ પર ગાંધીજીના વિચારોની અસર જોવા મળે છે. તેઓ સુખદાયક સમાજના નિર્માણ માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. મહાત્મા ગાંધીજીએ પણ લોકો સ્વમાનભેર જીવન જીવે તેના હિમાયતી હતા. રેંટિયો કાંતતી વખતે જાતે જ કાપડ વણવું, તેમણે રેંટિયો અપનાવ્યા પછી તેઓ રેંટિયા પર અનેક નવતર પ્રયોગ કરતા રહ્યા હતા. મહાત્મા ગાંધીજીએ રેંટિયા વિશે કહ્યું હતું તે શબ્દો અહીંયાં મૂક્યા છે, ''સન ૧૯૦૮ સુધીમાં રેંટિયો કે સાળ મેં જોયા હોય એવું મને સ્મરણ નથી. છતાં 'હિંદ સ્વરાજ'માં રેંટિયાની મારફતે હિંદુસ્તાનની કંગાલિયત માટે એમ મેં માન્યું. ને જે રસ્તે ભૂખમરો લાગે તે રસ્તે સ્વરાજ મળે એ તો સહુ સમજી શકે એવી વાત ગણાય. સન ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી દેશમાં આવ્યો ત્યારે પણ મેં રેંટિયાનાં દર્શન તો ન જ કર્યાં. આશ્રમ ખોલ્યું એટલે સાળ વસાવી. સાળ વસાવતાં પણ મને બહુ મુશ્કેલી આવી.

અમે બધા અજાણ, એટલે સાળ મેળવ્યે, સાળ ચાલે તેમ નહોતું. અમે બધા કલમ ચલાવનાર કે વેપાર કરી જાણનાર ભેળા થયા હતા; કોઈ કારીગર નહોતા. એટલે સાળ મેળવ્યા પછી વણાટકામ શીખવનારની જરૂર હતી. કાઠિયાવાડ અને પાલણપુરથી સાળ મળી ને એક શીખવનાર આવ્યો. તેણે પોતાનો બધો કસબ ન બતાવ્યો. પણ મગનલાલ ગાંધી લીધેલું કામ ઝટ છોડે તેવા નહોતા. તેમના હાથમાં કારીગરી તો હતી જ, એટલે તેમણે વણવાના હુન્નરને પૂરો જાણી લીધો, ને એક પછી એક એમ આશ્રમમાં નવા વણકરો તૈયાર થયા.'' જયારે ગાંધીજી સ્વદેશી કાપડ તરફ લોકોને વધુ પ્રવૃત્ત કરવાનો દૃઢ સંકલ્પ સાથે કામને આગળ વધારી રહ્યા હતા, તે સમયે આઝાદીની ચળવળ દેશમાં ચાલી રહી હતી.

ગુલામ ભારતના લોકો સ્વમાન સાથે જીવી શકે તે માટે રેંટિયો કાંતવા પર ધ્યાનઆપેલ હતું. એ સમયે તેમનું ધ્યાન બનાસકાંઠાનું કાણોદર ગામ પર આવ્યું હતું. કાણોદર ગામમાં વણકરો વધારે રહે છે. શાયદ કબીર સાહેબના ગુરુ કબ્રુદીન સાહેબના સમયથી રેંટિયા ચાલતો હતો. તે સમયમાં ગુરુ કબ્રુદીન સાહેબના વંશ વારસોએ રેંટિયો અને સાળ ઉપર અવનવા પ્રયોગ કરીને હાથવણાટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ગાંધીજીએ પણ તેના સૌથી મોટા પુત્ર મણીલાલ ગાંધીને કાણોદરમાં સાળની અગત્યતા સમજવા માટે કરીમભાઈ વણકરને ત્યાં મોકલ્યા હતાં. તે સમયે મણીભાઈ ગાંધીના મુખમાંથી સત્યાગ્રહની વાતો ચાલતી હતી... ગલબાભાઈ જે શ્રેષ્ઠ હોય તે ઝડપભેર ગ્રહણ કરવાની શક્તિ ધરાવતા હતા. એ શ્રેષ્ઠ વિચાર ગલબાભાઈના કાને અથડાયા હશે એટલે તેને ઝીલવા માટે સ્હેજ પણ વિચાર કર્યા વગર ઉત્સુક રહ્યા હશે. ગાંધીજીની સામાજિક ક્રાંતિને વેગ આપવા માટે ગલબાભાઈએ હરિજન મિત્રો બનાવ્યા હતા... કદાચ એ સમયે એટલે કે આઝાદી પછી હરિજન બાળકો સાથે ઉચ્ચ વર્ણનાં બાળકો ગામડામાં એક સાથે બેસતા તે પણ ગલબાભાઈના ક્રાંતિકારી વિચારો થકી આવેલી સમાજિક ક્રાંતિથી જ શક્ય બન્યું હશે. આમ ગલબાભાઈ દ્વારા બનાસકાંઠામાં સામાજિક ક્રાંતિ લાવવામાં સફળ પ્રયત્નો રહ્યા હતા. જે નોંધનીય છે. પછી ભલે કોઈ તેની નોંધ લે કે ન લે...!



Cyber Octet™

# CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK

### આવનારા દિવસોમાં લોકોને શ્વાસ લેવામાં વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે

# દિલ્હીમાં વાયુ પ્રદૂષણની કટોકટી વધુ ઘેરી । એકયુઆઇ ૩૦૦ને પાર

**હવાની ગુણવત્તા સૂચકાંક ૨૨૬ પર પહોંચી ગયો છે । જેને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર નબળી કેટેગરીમાં રાખવામાં આવ્યો**

। નવીદિલ્હી, તા.૧૯ ।

રાજધાનીમાં શિયાળાની શરૂઆત પહેલા જ હવા અત્યંત ખરાબ શ્રેણીમાં પહોંચી ગઈ છે. આવી સ્થિતિમાં આવનારા દિવસોમાં લોકોને શ્વાસ લેવામાં વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. અક્ષરધામ અને આસપાસના વિસ્તારોમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. જેના કારણે વિસ્તારનો એકયુઆઈ ૩૩૪ પર પહોંચી ગયો છે. જેને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર ખૂબ જ નબળી કેટેગરીમાં રાખવામાં આવ્યો છે. તે જ સમયે આઈટીઓ વિસ્તારમાં ધુમ્મસનું પાતળું પડ છે. જેના કારણે હવાની ગુણવત્તા સૂચકાંક ૨૨૬ પર પહોંચી ગયો છે. જેને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર નબળી કેટેગરીમાં રાખવામાં આવ્યો છે. ઈન્ડિયા ગેટ વિસ્તારમાં એકયુઆઈ ૨૫૧ પર પહોંચ્યો હતો. ભીકાજી કામા પ્લેસ વિસ્તારમાં એકયુઆઈ ૨૭૩ નોંધવામાં આવ્યો છે. તે જ સમયે, એમ્સ વિસ્તારની નજીક ધુમ્મસનું પાતળું પડ દેખાઈ છે અને આસપાસના વિસ્તારોમાં એકયુઆઈ ૨૫૩ પર પહોંચી ગયો છે.દિલ્હીમાં રહેતા એક વ્યક્તિએ જણાવ્યું કે છેલ્લા બે દિવસમાં પ્રદૂષણમાં વધારો થયો છે જેના કારણે ઘણી સમસ્યાઓ થઈ રહી છે. પ્ર







### મહર્ષિ વાલ્મિકી હોસ્પિટલની બહાર ગેરકાયદેસર કચરો ડમ્પિંગ અને બહાર ટ્રાફિક

મહર્ષિ વાલ્મિકી હોસ્પિટલની બહાર ગેરકાયદેસર કચરો ડમ્પિંગ અને હોસ્પિટલની બહાર ટ્રાફિક, પૂત ખુર્દ રોડ પર રોડની ધૂળ, દિલ્હી-ઓચંડી રોડ પર પીડબ્લ્યુડી સર્વિસ રોડ પર સીએન્ડડી કચરાના ગેરકાયદે ડમ્પિંગ યુઈઆર-૨,અને અપના ઘરમાં ટ્રાફિક જામ થાય છે આશ્રમ મોર સુધીનો વિસ્તાર પ્રદૂષણના સ્ત્રોત છે.દરમિયાન ચોમાસાની વિદાય સાથે, યમુનાએ દિલ્હીમાં સફેદતાની ચાદર ઓઢી લીધી છે. ફીણની જાડી ચાદર દૂર દૂર સુધી ફેલાયેલી છે. સ્થિતિ એવી છે કે ઓખલા બેરેજ બાદ નદીનું પાણી જોવું મુશ્કેલ બન્યું છે. યમુના નદીમાં પ્રદૂષણનું સ્તર વધવાને કારણે નદીમાં ઝેરી ફીણ તરતા જોવા મળ્યા હતા. તે જ સમયે, પાછલા વર્ષોની જેમ યમુનાના ફીણથી પણ દિલ્હીમાં રાજકીય ગરમાવો વધી ગયો છે.

### આનંદ વિહાર બસ સ્ટેશનની સામે ક્ષતિગ્રસ્ત રસ્તાઓ

આનંદ વિહાર બસ સ્ટેશનની સામે ક્ષતિગ્રસ્ત રસ્તાઓ, વાહનોની અવરજવરને કારણે ધૂળ ઉડે છે. ચૌધરી ચરણ સિંહ માર્ગ પર જામની સમસ્યા, રસ્તાની બાજુઓ પર ધૂળનું સંચય, ડીએમઆરસી કન્સ્ટ્રક્શન સાઈટ પ્રોજેક્ટ, રેલવે એસટીપી પાસેનો કાચા વિસ્તાર, ઈન્ટિગ્રેટેડ ઈસ્ટ દિલ્હી હબ પ્રોજેક્ટ, રેલવે સ્ટેશનની બહાર નીકળવા પર જામ વગેરે પ્રદૂષણના સ્ત્રોત છે. સીએકયુએમ સ્ટેશનની સામેના રસ્તાની ધૂળ, ટ્રાફિક જામ (આઝાદપુર મેટ્રોથી આઝાદપુર બસ ટર્મિનલ), મેટ્રો પ્રોજેક્ટની બાજુમાં ગુર્જનવાલા ટાઉન પાસેનો પાકો રસ્તો, પ્રદૂષણના સ્ત્રોત છે. દ્વારકાઃ રસ્તાઓ પરની ધૂળ, ડીડીએ ગ્રાઉન્ડમાં કચરો અને સી એન્ડ ડી કચરાના ગેરકાયદે ડમ્પિંગ પ્રદૂષણના સ્ત્રોત છે.

### રાજધાનીમાં આશરે ૧૩ પ્રદૂષણ હોટસ્પોટ

પ્રદૂષણને નિયંત્રણમાં લેવા માટે સરકારે પગલાં લેવા જોઈએ. રાજધાનીમાં ૧૩ પ્રદૂષણ હોટસ્પોટ છે. પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે અહીં પ્રદૂષણ ઘટાડવા માટે સંકલન સમિતિઓની રચના કરી છે. તેમણે શુક્રવારે સંબંધિત વિભાગો સાથે બેઠક યોજી હતી. રાયે કહ્યું કે ધૂળના પ્રદૂષણને ઘટાડવા માટે રાજધાનીમાં ૮૦ મોબાઈલ એન્ટી સ્મોગ ગન લગાવવામાં આવી છે. એમસીડીના ડીસીને તમામ સંબંધિત અધિકારીઓ સાથે હોટસ્પોટની વારંવાર મુલાકાત લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જહાંગીરપુરીઃ બાયોમાસ બર્નિંગ, ડીએમઆરસી કન્સ્ટ્રક્શન સાઈટ અને પ્લાન્ટ, ભાલ્સવા સેનેટરી લેન્ડફિલ આઈટીઆઈ કેમ્પસની સામે બસ ટર્મિનલ પાસે ટ્રાફિક જામની સમસ્યા, બાંધકામ અને ડિમોલિશન રિસાયક્લિંગ પ્લાન્ટ પ્રદૂષણના સ્ત્રોત છે. વેંકટેશ્વરા હોસ્પિટલનું નિર્માણ સ્થળ આઈએન્ડએફસીની જમીન પર કચરો નાંખવો, ખુલ્લામાં કચરો બાળવો એ પ્રદૂષણના મુખ્ય સ્ત્રોત છે.

### પત્નીએ પ્રેમી સાથે મળીને કરી પતિની હત્યા, પછી બોયફ્રેન્ડે પણ મહિલાનું ગળું કાપી નાખ્યું

। પટણા, તા.૧૯ ।

બિહારની રાજધાની પટનામાં તાજેતરમાં બનેલી વૃદ્ધ દંપતીની હત્યાનો મામલો પોલીસે ઉકેલી લીધો છે. આ કેસ ઉકેલતા પોલીસે અમિત કુમાર ઉર્ફે ચિન્ટુ (૩૧)ની ધરપકડ કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજની મદદથી મામલો ઉકેલી નાખ્યો છે. પોલીસનો દાવો છે કે અમિતના એક વૃદ્ધ મહિલા સાથે ગેરકાયદેસર સંબંધો હતા. બુધવારે વૃદ્ધ મહિલાના પતિએ બંનેને વાંધાજનક હાલતમાં જોયા હતા.રાજધાની પટનામાં બુધવારે એક વૃદ્ધ દંપતીની હત્યાના કેસમાં પોલીસે આરોપી અમિત કુમાર ઉર્ફે ચિન્ટુ (૩૧)ની ધરપકડ કરી છે. આરોપીઓએ નહેરુ નગરમાં રહેતા એક વૃદ્ધ દંપતી એનકે શ્રીવાસ્તવ (૭૫) અને તેની પત્ની સુજાતા દેવી (૬૧)ની નિર્દયતાથી હત્યા કરી હતી. પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી આ ડબલ મર્ડરનો ખુલાસો કર્યો છે.

### ગેરકાયદે સંબંધમાં અડચણરૂપ બની રહેલા પતિની પત્નીએ જાતે જ હત્યા કરી નાખી

। લખનૌ, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં એક મહિલાએ પોતાના જ પતિની હત્યા કરી નાખી છે. પોલીસે જણાવ્યું કે મૃતક પતિ મહિલાના ગેરકાયદેસર સંબંધમાં અડચણરૂપ બની રહ્યો હતો, તેથી મહિલાએ તેના પ્રેમી દ્વારા તેની હત્યા કરાવી હતી. મામલો બનિયાથેર પોલીસ સ્ટેશન વિસ્તારના અકબરપુર ગામનો છે. પોલીસે ત્રણ દિવસ પહેલા થયેલ પુષ્પેન્દ્ર હત્યા કેસનો ખુલાસો કર્યો છે.પોલીસે જણાવ્યું કે આ હત્યા અન્ય કોઈએ નહીં પરંતુ તેના પિતરાઈ ભાઈએ કરી હતી. પોલીસે મૃતક પુષ્પેન્દ્રની પત્ની અને આરોપી અજયની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો જ્યાંથી તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે હત્યામાં વપરાયેલી છરી પણ કબજે કરી લીધી છે. આ બાબતનો ખુલાસો કરતા પોલીસે જણાવ્યું કે પુષ્પેન્દ્રના ગુમ થયાની રિપોર્ટ ૧૩ ઓક્ટોબરે નોંધાવવામાં આવી હતી.

### પોલીસે કર્યો મોટો ખુલાસો

## ગુરપ્રીત સિંહની હત્યા કેસમાં સાંસદ અમૃતપાલ સિંહનો હાથ

। પંજાબ, તા.૧૯ ।

તાજેતરમાં પંજાબના ફરીદકોટમાં ગુરપ્રીત સિંહ નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. ૯ ઓક્ટોબરે ફરીદકોટમાં 'વારિસ પંજાબ દે'ના ફાઉન્ડર મેમ્બર ગુરપ્રીત સિંહની હત્યાના મામલામાં પંજાબ ડીજીપીએ શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં મોટો ખુલાસો કર્યો હતો. પોલીસે હત્યામાં ખડૂર સાહિબ સીટના સાંસદ અને ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહની સંડોવણીનો આરોપ લગાવ્યો છે. વિશેષ ટીમ બનાવી હત્યાનો ભેદ ઉકેલાયો છે.પંજાબ પોલીસના ડીજીપી ગૌરવ યાદવે ચંદીગઢમાં એક પ્રેસ કોન્ફરન્સમાં આ બાબતનો ખુલાસો કર્યો હતો. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે આ હત્યામાં વિદેશમાં બેઠેલા ગેંગસ્ટર અર્શ દલ્લાનો પણ હાથ હતો. આ



કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. શૂટરોને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.પોલીસે કહ્યું કે તપાસમાં જાણવા મળ્યું કે આ હત્યા અમૃતપાલ સિંહના કહેવા પર કરવામાં આવી હતી. ગુરપ્રીત સિંહને ૨૦૨૧માં 'વારિસ પંજાબ' ગ્રુપના ટ્રેઝરર બનાવવામાં આવ્યા હતા. દીપ સિદ્ધુના મૃત્યુ પછી તે અમૃતપાલની નજીક રહ્યો, પરંતુ બાદમાં અલગ થઈ ગયો. તેણે અમૃતપાલ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કેટલીક પોસ્ટ પણ કરી હતી. પોલીસનું કહેવું છે કે હાલ તમામ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. અમૃતપાલની પૂછપરછ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે ગુરપ્રીત સિંહ હત્યા કેસની તપાસ માટે ૪ સભ્યોની જૈંની રચના કરવામાં આવી હતી. જેમાં ત્રણ ડીએસપી અને એક એસપીનો સમાવેશ થાય છે.નોંધનીય છે કે ગુરપ્રીત સિંહની ફરીદકોટના હરી નૌ ગામમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

### આઈએએસ સંજીવ હંસ અને આરજેડીના પૂર્વ ધારાસભ્ય ગુલાબ યાદવની ઈડીએ ધરપકડ કરી

। પટણા, તા.૧૯ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આખરે બિહારના વરિષ્ઠ આઈએએસ ઓફિસર સંજીવ હંસની પટનાથી ધરપકડ કરી છે જ્યારે આરજેડીના ભૂતપૂર્વ ધારાસભ્ય અને સંજીવ હંસના બિઝનેસ પાર્ટનર એવા ગુલાબ યાદવને દિલ્હીથી ઉઠાવી લીધો છે. આઈએએસ ઓફિસર સંજીવ હંસ સામે ગુલાબ યાદવની પત્ની અંબિકા યાદવ સાથે ગેરકાયદે સંબંધો અને હવાલા દ્વારા નાણાં ટ્રાન્સફર કરવાનો આરોપ છે .આ મહિલાને સંજીવ હંસ સાથેના તેના ગેરકાયદેસર સંબંધો વિશે છુપાવવા અથવા મૌન રાખવા માટે દર મહિને ૨ લાખ રૂપિયા ચૂકવવામાં આવતા હતા. એસયુવીની ચાર્જશીટ મુજબ, સંજીવ હંસ ગુલાબ યાદવ અને સુનીલ કુમાર સિન્હા દ્વારા મહિલાને માસિક ખર્ચ માટે ૨ લાખ રૂપિયા આપતો હતો. એટલું જ નહીં, સંજીવ હંસે લખનૌમાં મહિલાને ૯૦ લાખ રૂપિયાનો ફ્લેટ આપ્યો હતો.આ રકમ સુનિલ સિંહા અને તેમની કંપ્રી મેસર્સ એક્સ આર્મી મેન્સ પ્રોટેક્શન સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ અને અન્ય બે લોકો દિવ્યા પ્રકાશ અને શિવરાજ દ્વારા ગાયત્રીના બેંક ખાતામાં ૭ વખત જમા કરવામાં આવી હતી. પરંતુ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે સંજીવે ઉર્જા વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી અને એનર્જી કંપ્રીઓના સીએમડી તરીકે જળ સંસાધન વિભાગ છોડ્યા બાદ તેના મિત્રોને સ્માર્ટ મીટર લગાવવાના કોન્ટ્રાક્ટ આપવાનું શરૂ કર્યું.

